Kirklees COUNCIL

કોરોના વાયરસ
કોવીડ-૧૯

# બીજા લોકો સાથે રહેવા સંબંધી સલાહ

**કોવીડ-૧૯ હજી આપણા સમાજોમાં મોજૂદ છે. એને નાબુદ કરવાનો એક માત્ર રસ્તો એ તેને ફેલાતો અટકાવવાનો છે. જો તમે અન્ય લોકો સાથે રહેતા હોય જેઓ તમારા કુટુંબી ન હોય તો, તમારો ભાગ તમારે કઇ રીતે ભજવવો તે અંગેની સલાહ આ રહી...**




## એક બીજાથી બે મિટર દૂર રહો

લોકોને તમારા રૂમમાં આવવા ન દો અને તમારા ઘરની આજુબાજુ ફરતી વખતે બીજા લોકોથી સલામત અંતર રાખો. જો તમારે તેમની નજીક જવું પડે એમ હોય તો **ફેસ કવરીંગ પહેરવાનું વિચારો.**



## ફેસ કવરીંગ પહેરો

જો તમે **પબ્લિક ટ્રાન્સપોર્ટ** (બસ કે ટ્રેઈન)નો ઉપયોગ કરી **શોપીંગ કરવા જતા હોય** અથવા અન્યોથી **બે મિટરથી ઓછા અંતરે** રહેવાનું થાય એમ હોય તો. સેલ્ફ-આઈસલેટીંગ કરતી (અન્યોથી દૂર રહેતી) કોઈ પણ વ્યક્તિએ સામાન્ય વિસ્તારોમાં ફેસ કવરીંગ પહેરવું જોઈએ.




## તમારા હાથ ધોવો

સાબુ અને હુંફાળા પાણીથી તમારા હાથ ૨૦ સેકન્ડ સુધી નિયમિત ધોવો - **ખાસ કરીને જ્યારે તમે બહાર જઈ આવ્યા હોય.**



## ટોળાંઓથી દૂર રહો

હૉલવેઝ (કૉરિડૉર), મકાનના આગલા ભાગમાં, બેઠકરૂમ અથવા રસોડાંમાં કામ વિના થોભેલા ન રહો કે ભેગા ન થાઓ. **નાનાં ગૃપો પણ ચેપને ફેલાવી શકે છે.**



## તમારી પોતાની કટલરિ વાપરો

**બીજાની કટલરિ (ચમચી, છરી, કાંટા) વાપરો નહીં** કેમકે એ વાયરસનું વહન કરી શકે છે. માત્ર તમારી પોતાની જ કટલરિ વાપરો અને બીજાઓથી તેને અલગ મૂકી આપો.



## સંપૂર્ણ રીતે સાફ કરો

વારંવાર સફાઈ કરતા રહો અને ડિસિન્ફેકટન્ટ (જંતુનાશક દવા) વાપરો. સપાટીઓ, દરવાજાના હેન્ડલો, કોમન રૂમો અને લોન્ડ્રી રૂમોને સાફ કરો. **બાથરૂમ અને કિચન તરફ વધારાનું ધ્યાન રાખો.**



## તમારો પોતાનો ટુવાલ વાપરો

**બીજાનો હાથ રૂમાલ વાપરો નહીં** એટલે કે ટુવાલની બીજા લોકો સાથે ભાગીદારી ન કરો કેમકે એ વાયરસનું વહન કરી શકે છે. માત્ર તમારો પોતાનો જ ટુવાલ વાપરો અને એને નિયમિત ધોતા રહો.



## ચીજવસ્તુઓને અલગ અલગ સંગ્રહો

ખોરાક અને અંગત સ્વચ્છતા માટેની હોય તેવી વસ્તુઓની **ભાગીદારી કરો નહીં** કેમ કે એ વાયરસનું વહન કરી શકે છે. તમારી વસ્તુઓને બીજાઓની વસ્તુઓથી અલગ જગ્યાએ રાખો, બની શકે તો બહેતર એ છે કે તમારા પોતાના રૂમમાં.



## ચિહ્નો જણાય તો દૂર થઈ જાઓ

જો તમારામાં કોવીડ-૧૯નાં કોઈ ચિહ્નો જણાય તો, તમારે **તરતજ બીજા લોકોથી છેટા થઈ જવું** આવશ્યક છે અને ટેસ્ટની ગોઠવણ કરવા **૧૧૯ને ફોન કરો** અથવા આ વૅબસાઈટની મુલાકાત કરો: **www.nhs.uk/coronavirus**




## ટેસ્ટ અને ટ્રેસને અનુસરો

જો એન.ઍચ.એસ. ટેસ્ટ દ્વારા તમારો સંપર્ક કરવામાં આવે તો **તરતજ અન્યોથી દૂર થઈ જાઓ અને તેમની સૂચનાઓને અનુસરો.**

**આપણે આ વાયરસને હજી હરાવ્યો નથી?!**

www.kirklees.gov.uk/coronavirus

ADAPTING KIRKLEES

August 2020 - CM3428

Gujarati